




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૪ | ૨ ઓગસ્ટ, ૨૦૧૮, ગુરૂવાર; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

### પ્રણામ ગાંધીનગર સલામ ગાંધીનગર

આજે આપણા પ્રિય શહેર ગાંધીનગરનો ૫૪મો જન્મ દિવસ છે. આપણા સૌના મનમાં ઉલ્લાસ અને ગૌરવ છે કે આપણે ગાંધીનગરાઓ છીએ, પરંતુ ૫૩ વર્ષ પહેલા જ્યારે આ મહાનગરની પ્રથમ ઈંટ મુકાઈ અને ત્યારથી લઈ આજપર્યંત કેટલાય ઉતાર-ચઢાવ અનુભવાયા અને એમાંથી હેમખેમ આજનો ગાંધીનગરનો ચહેરો પ્રગટ્યો છે. આ ૫૩ વર્ષની ગતિ-પ્રગતિમાં કેટલાય મહાનુભાવોનું મહત્વનું પ્રદાન છે. આજે આપણા શહેરની વર્ષગાંઠ નિમિત્તે સૌને પ્રણામ અને સલામ પાઠવીને સ્મરણસેવા અર્પણ કરીએ છીએ.

વાત ૧૯૬૪-૬૫ની છે. ગાંધીનગરના નિર્માણ માટે જમીન આપનાર પેથાપુર-આદિવાડા-કોલવડા-વાવોલ-ઈન્દ્રોડા-ધોળાકુવા-બાસણ-પાલજ અને બોરીજના ખેડૂતોના સકારાત્મક અભિગમને વંદન કરીએ એટલા ઓછા છે. અને હા સૌ ખેડૂતોને સમજાવવામાં મહત્વનું યોગદાન આપનાર સ્વ. મોતીભાઈ બકોરભાઈ પટેલ, સ્વ. સદાજી ગોલ અને સ્વ. રાયચંદભાઈ પટેલ તથા સાથીઓને મનોમન પ્રણામ પાઠવીએ છીએ. તત્કાલીન માર્ગ મકાનમંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલના યોગદાનને ગાંધીનગર ક્યારેય વીસરી શકે તેમ નથી. નિર્માણકાર્યમાં ઈજનેરી કૌશલ્ય દ્વારા સુંદર નગરની કલ્પનાને સાકાર કરનાર સદ્ગત એચ.કે. મેવાડા અને સ્વ. એમ.ડી. પટેલ, સ્વ. વી.પી. કામદારનું સ્મરણ આજે પણ અકબંધ છે. મુરબ્બી શ્રી વી.પી. વ્યાસને પણ પ્રણામ છે. કર્મચારી કોલોનીમાંથી મહાનગર સુધીની યાત્રામાં સમાજજીવનના વિવિધ પાસાઓને ઉજાગર કરનાર સૌ મોભીઓનું સ્મરણ વંદનીય છે.

સામાજીક અને સહકારી પ્રવૃત્તિઓના પાયાના પથ્થર સમાન સ્વ. ત્રિભોવનદાસ અમીન, સ્વ. વિનોદભાઈ જોષી, સ્વ. લાલચંદ ગોપલાણી, સ્વ. જે.એફ. મીસ્ત્રી સાહેબને પ્રણામ પાઠવવા જ પડે. વેપાર ઉદ્યોગથી ધમધમતા આજના ગાંધીનરમાં નાનકડી દુકાનથી વેપાર પ્રવૃત્તિનો પ્રારંભ કરનાર ભોગીલાલ સોમનાથ પટેલ, સ્વ. તુલસીભાઈ ગોપલાણી, સ્વ. કેશવલાલ સુખડીયા અને સ્વ. મનુભાઈ શાહને સલામ પાઠવીએ છીએ. ગાંધીનગર એજ્યુકેશન હબ તરીકે ઓળખાય છે એ ગૌરવશાળી ઘટનાના મૂળમાં સ્વ. માણેકલાલ પટેલ અને પૂજ્ય હરિપ્રકાશ શાસ્ત્રીજી માટે શિક્ષણપ્રેમીઓ ઋણી રહેશે. સાંસ્કૃતિક પ્રવૃત્તિના શ્રીગણેશ કરનાર સ્વ. દિનેશ અંતાણી, સ્વ. મુનિકુમાર દેસાઈ અને સ્વ. રમણલાલ પુરોહિતના આશિર્વાદથી ગાંધીનગર સરકારી નગરમાંથી સાંસ્કૃતિક નગર બની રહ્યું છે.

આ હતી ગઈકાલની સ્મરણયાત્રા પરંતુ આજે પણ ગાંધીનગરને ધમધમતુ રાખનાર પુજ્ય ફુલશંકર શાસ્ત્રીજી, પુજ્ય ગુરૂમા, પુજ્ય

● અનુસંધાન પાન-૭ પર

# રેપો અને રિવર્સ રેપોરેટમાં વધારો

**ચાવીરૂપ રેટમાં ૨૫ બેઝિક પોઇન્ટનો વધારો કરવામાં આવ્યો : રિઝર્વ બેંક દ્વારા પોલિસી સમીક્ષા જારી સીઆરઆર તેમજ એસએલઆરને ક્રમશઃ ૪ ટકા, ૧૯.૫ ટકાના દરે જાળવવા નિર્ણય : લોન વધારે મોંઘી બનશે**

મુંબઈ, તા. ૧

આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટિની મિટિંગના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. તમામ અર્થશાસ્ત્રીઓની ગણતરી મુજબ જ રિઝર્વ બેંકે તેના ચાવીરુપ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો



વધારો કર્યો હતો. આની સાથે જ રેપોરેટ વધીને ૬.૫૦ ટકા થઈ ગયો છે જે બે વર્ષની ઉંચી સપાટી છે.ફુગાવાને કાબૂમાં લેવાના હેતુસર આ પગલા લેવામાં આવી રહ્યા છે. રેપોરેટમાં સતત બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. જૂન મહિનામાં રેપોરેટમાં ચાર વર્ષથી વધુ સમયગાળાની અંદર પ્રથમ વખત વધારો કરવામાં આવ્યો હતો તે વખતે રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે રેપોરેટ વધીને ૬.૨૫ ટકા થયો હતો. આજે પોલિસી સમીક્ષાની બેઠકમાં રેપોરેટમાં વધુ ૨૫ બેઝિક

● અનુસંધાન પાન-૭ પર

## ઈએમઆઈ વધી જશે

**હોમ લોન, ઓટો લોન અને કાર લોન મોંઘી થશે**

મુંબઈ,તા. ૧

વ્યાજદરમાં રાહત મળવાની રાહ જોઈ રહેલા સામાન્ય લોકોને આજે મોટો ફટકો પડ્યો હતો. રિઝર્વ બેંકે આ સંદર્ભમાં આજે પરિણામ જાહેર કર્યા હતા અને રેપોરેટમાં વધારો કર્યો હતો. રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યા બાદ રેપોરેટ વધીને હવે ૬.૫૦ ટકા થઈ ગયો છે. રિવર્સ રેપોરેટ પણ ૭ ટકાથી વધારીને ૬.૨૫ ટકા કરી દેવામાં આવ્યો હતો તેમાં પણ ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં કોમર્શિયલ બેંકો તરફથી આપવામાં આવતા હોમલોન, ઓટો લોન સહિત તમામ લોન મોંઘી થઈ ગઈ છે. બેંકો તરફથી માર્જિનલ કોસ્ટ આધારિત ધિરાણદરમાં વધારો કરવામાં આવી શકે છે. કહેવાનો મતલબ એ છે કે, બેંકો પણ હવે લોનના દરોમાં વધારો કરી શકે છે.

## અમરનાથ યાત્રા બાદ કાશ્મીરમાં નવા રાજ્યપાલ આવવાની સંભાવના

**સરકારમાં ટોચના સ્તર પર નામોને લઇને ચર્ચાઓ : રાજીવ મહર્ષિ સહિત સેવાનિવૃત લશ્કરી અધિકારીઓના નામ પર વિચારણા હેઠળ**

નવી દિલ્હી,તા. ૧

જમ્મુ કાશ્મીરમાં અમરનાથ યાત્રા પૂર્ણ થયા બાદ રાજ્યપાલને બદલી દેવામાં આવે તેવા સંકેતો દેખાઈ રહ્યા છે. કારણ કે આશરે દસ વર્ષથી આ પદ પર જવાબદારી સંભાળી રહેલા વર્તમાન રાજ્યપાલ એનએન વોરા દ્વારા હાલમાં અનિચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. જેના કારણે હવે અન્ય નામ પર વિચારણા ચાલી રહી છે. ટુંક સમયમાં જ અંતિમ નિર્ણય કરવામાં આવી શકે છે. આ યાદીમાં પૂર્વ ગૃહ સચિવ અને વર્તમાન ભારતના સીએજી રાજીવ મહર્ષિના નામ પર પણ વિચારણા ચાલી રહી છે. કેટલાક સૈન્ય અધિકારીઓ પર નામની યાદીમાં સામેલ છે. એમ માનવામાં આવી રહ્યુ છે કે સંસદના મોનસુન સત્ર બાદ આ સંબંધમાં અંતિમ નિર્ણય કરવામાં આવી શકે છે. અત્રે નોંધનીય છે કે જમ્મુ કાશ્મીરમાં ભાજપ અને પીડીપી વચ્ચે ગઠબંધનનો અંત આવ્યા બાદ નવા રાજ્યપાલ

● અનુસંધાન પાન-૭ પર

## મરાઠા આંદોલન વધુ ઉગ્ર બન્યું

**પુણે-સોલાપુર હાઈવે દેખાવકારોએ બંધ કર્યો : જેલ ભરો આંદોલનના પરિણામ સ્વરુપે સુરક્ષા વ્યવસ્થા મજબૂત**

મુંબઈ,તા. ૧

મરાઠા અનામતની માંગને લઈને મહારાષ્ટ્રમાં ફરી એકવાર સ્થિતી વિસ્ફોટક બની ગઈ છે. આજે પોતાની માંગોને લઈને માર્ગો પર ઉતરેલા લોકોએ પુણે-સોલાપુર હાઈવે પર નાકાબંધી કરી હતી. બીજી બાજુ અનામતની માંગને લઈને આંદોલનકારી આજથી જેલ ભરો આંદોલન શરૂ કરી ચુક્યા છે. જેલ ભરો આંદોલનની ચેતવણીને ધ્યાનમાં લઈને મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી રહી છે. બીજી બાજુ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે શાંતિ જાળવી રાખવા માટે લોકોને અપીલ કરી છે. જેલ ભરો આંદોલનની ચેતવણીને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા ખુબ મજબૂત કરવામાં આવી છે. મુંબઈ મરાઠા ક્રાંતિના લોકોનું કહેવું છે કે, સરકાર ઉપર દબાણ લાવવામાં આવશે. ૯મી ઓગસ્ટથી અસહયોગ આંદોલન છેડવામાં આવશે. આમા મોટી સંખ્યામાં લોકો માર્ગો ઉપર ઉતરશે. બીજી બાજુ અનામતને લઈને મરાઠા બાદ હવે મુસ્લિમ અને લિંગાયત સમાજના અનામતને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ડેનમાર્કમાં બુરકા પર પ્રતિબંધ

ડેનમાર્કમાં નકાબ અને બુરકા સમેત તમામ ચહેરા ઢંકાય તેવા વસ્ત્રો અને પરિધાન પહેરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ પ્રતિબંધની તરફેણમાં અને વિરૂદ્ધમાં જોરદાર જંગ જામ્યો છે.

### પેટીએમ બેંક પર રોક

આરબીઆઈએ પેટીએમ પેમેન્ટ બેંકમાં નવા ગ્રાહકો જોડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. આરબીઆઈએ ઓડિટ કર્યા બાદ આ પ્રતિબંધ લગાવ્યો છે.

### રાજસ્થાનમાં ૫૫ પોસ્કો કોર્ટ શરૂ થશે

બાળકો વિરૂદ્ધના ગુન્હાઓમાં ઝડપથી કાર્યવાહી કરવા માટે રાજસ્થાનમાં ૫૫ પોસ્કો કોર્ટ શરૂ કરાશે. આ માટે નવા ૬૬૦ પદો ઉભા કરવામાં આવ્યા છે. સરકારે તેની મંજૂરી આપી દીધી છે.

### મમતા બેનર્જી વિરૂદ્ધ ફરિયાદ દાખલ

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરૂદ્ધ નેશનલ રજિસ્ટર ઓફ સીટીઝન્સના મુદ્દે અસમના ડિબ્રગઢ જિલ્લાના નાહરકટિયા પોલીસમથકે એફઆઈઆર નોંધાઈ છે. ગૃહયુદ્ધ અને રક્તપાત જેવા વિધાનો બદલ આ ફરિયાદ નોંધાઈ છે.

## એનઆરસી મામલે બીજે દિવસે પણ ધાંધલધમાલ

**રાજ્યસભામાં વિપક્ષી સભ્યો ગૃહની વચ્ચોવચ પહોંચ્યા અને ધાંધલ ધમાલ મચાવી : અમિત શાહના નિવેદનના શબ્દો રેકોર્ડથી દૂર કરવા માટેની માંગણી : કામગીરી સ્થગિત કરાઈ**



નવી દિલ્હી,તા. ૧

રાજ્યસભામાં આજે પણ ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી જેના પરિણામ સ્વરુપે કોઈ કાર્યવાહી થઈ શકી ન હતી. આસામમાં રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટ્રારના મુદ્દા પર અમિત શાહના નિવેદન પર ભારે ધાંધલ ધમાલ થઈ હતી. વિપક્ષી સાંસદોએ પહેલા અમિત શાહ અને ત્યારબાદ સરકારના પક્ષ માટે ઉભા થયેલા રાજનાથસિંહને પણ બોલવાની તક આપી ન હતી. વિપક્ષી સભ્યોએ ગૃહની વચ્ચોવચ પહોંચી જઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનની માંગ કરી તી. ત્યારબાદ રાજ્યસભાની કાર્યવાહી ગુરુવાર સુધી મોકૂફ કરી દેવામાં આવી હતી. આજે કાર્યવાહી શરૂ થતાંની સાથે જ સ્થિતિમાં કોઈ સુધારો થયો ન હતો. રાજ્યસભાની કાર્યવાહી આજે શરૂ થતાની સાથેજ ભારે ધાંધલ ધમાલ શરૂ થઈ ગઈ હતી. આજે કાર્યવાહી શરૂ થતાની સાથે જ એનઆરસીન મુદ્દા પર હોબાળો શરૂ થયો હતો. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના નિવેદનને લઈને હોબાળો જારી રહ્યો હતો. કોંગ્રેસના સાંસદ આનંદ શર્માએ અમિત શાહના નિવેદનના કેટલાક હિસ્સાને દુર કરવા માટેની માંગ કરી હતી. રાજીવ ગાંધી બાદના પીએમના સાહસને લઈને કરવામાં આવેલી ટિપ્પણીને રેકોર્ડ પરથી દુર કરવા માટે શર્માએ માંગ કરી હતી. આજે કાર્યવાહી શરૂ થતાંની સાથે જ આનંદ શર્માએ આ મામલો ઉઠાવ્યો હતો. આનંદ શર્માએ કહ્યું હતું કે, રાજીવ ગાંધી બાદ નરસિંહા રાવ, દેવગૌડા, અટલ બિહારી વાજપેયી, મનમોહનસિંહ જેવા સન્માનિત વડાપ્રધાન થયા છે. અમિત શાહના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમણે કહ્યું હતું કે, એક સભ્યએ આ વડાપ્રધાનને નબળા વડાપ્રધાન ગણાવ્યા છે અને એમ કહ્યું છે કે, તેમની અંદર હિંમત ન હતી.

### અમિત શાહ ૧૧મીએ બંગાળ જશે : રેલીને મંજુરી નહિ

નવીદિલ્હી, તા. ૧

આસામમાં નેશનલ સિટિઝન રજિસ્ટ્રાર માટે ફાઈનલ ડ્રાફ્ટ જારી કરવામાં આવ્યા બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સક્રિય દેખાઈ રહ્યા છે. મમતા બેનર્જીએ દિલ્હી પહોંચીને વિપક્ષી નેતાઓ સાથે વાતચીત કરી છે. એનઆરસી યાદીમાંથી ૪૦ લાખ લોકોને બહાર કાઢવાના મુદ્દા પર કેન્દ્ર સરકાર ઉપર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. રાજકીય આક્ષેપબાજીના દોર વચ્ચે ભાજપ અધ્યક્ષ અમિત શાહ ૧૧મી ઓગસ્ટના દિવસે કોલકાતા પહોંચી રહ્યા છે. અમિત શાહને રેલી કરવાની મંજુરી આપવામાં આવી નથી.

### જેટ એરવેઝના કર્મચારીઓના પગારમાં ૨૫ ટકાનો ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૧

જેટ એરવેઝ દ્વારા તેમના કર્મચારીઓની સેલેરીમાં ૨૫ ટકા સુધીનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કંપનીએ કર્મચારીઓને જણાવ્યું કે ક્રૂડ ઓઈલના વધી રહેલા ભાવને જોતા અને રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થતો હોવાથી કાર્યકારી ખર્ચમાં તીવ્ર વધારો થયો છે. રૂ. ૧૨ લાખની વાર્ષિક કમાણી કરનારના પગારમાં કાપ ૫ ટકાથી નીચો રહેશે તો બીજી તરફ રૂ.૧ કરોડ અને તેની ઉપરની કમાણી માટે કાપ ૨૫ ટકાથી વધુ હશે.


## એસટી-એસસી એક્ટમાં કડક જોગવાઈ માટે ટુંકમાં બિલ રજૂ

**વર્તમાન સત્રમાં બિલ રજૂ કરવા સરકાર તૈયાર : દલિત સંગઠન-એલજેપીના દબાણ બાદ મોદીના નેતૃત્વમાં સરકારનો નિર્ણય**

નવીદિલ્હી,તા. ૧

કેબિનેટે આજે દલિતોને કોઈપણ પ્રકારના અત્યાચારથી બચાવવા માટે જોગવાઈઓને મંજુરી આપતા બિલને રજૂ કરવાનો નિર્ણય કર્યો છે. એસસી અને એસટી એક્ટમાં જોગવાઈઓ માટે આ સત્રમાં જ બિલ રજૂ કરવામાં આવશે. સુત્રોએ કહ્યું છે કે, આ બિલને વર્તમાન સત્રમાં રજૂ કરવામાં આવનાર છે. દલિત સંગઠન અને સરકારની સાથી પાર્ટી એલજેપીના દબાણ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. સુત્રોની વાત માનવામાં આવે તો મોદીએ મંત્રીમંડળને આ જોગવાઈમાં કોઈપણ ફેરફાર ન કરવા માટે આદેશ કર્યા છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આ કાયદા હેઠળ યોગ્ય તપાસ બાદ જ આરોપીઓની ધરપકડ કરવા માટે આદેશ આપ્યો હતો. ત્યારબાદ દલિતો હિતોની સુરક્ષાને લઈને ચર્ચા શરૂ થઈ હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાના વિરોધમાં બીજી એપ્રિલના દિવસે દશભરમાં દલિત સંગઠનોએ વ્યાપક આંદોલન કર્યા હતા. આંદોલન એટલું ઉગ્ર બન્યું હતું કે, સરકારને આ મામલામાં

● અનુસંધાન પાન-૭ પર



## જીએસટીમાં એક જ વર્ષમાં ૩,૦૨૬ કરોડની કરચોરી પકડાઈ

ન્યુ દિલ્હી,તા.૧

કેન્દ્ર સરકારે છેલ્લા એક વર્ષમાં ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)ની કુલ રૂ. ૩,૦૨૬.૫૫ કરોડની કરચોરીના ૧,૨૦૫ કેસ શોધી કાઢ્યા છે. આ કરચોરી ઈનપુટ ટેક્સ ક્રેડિટના દુરુપયોગ અને વેરો ન ચૂકવવાને લગતી છે.

નાણાં ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન શિવ પ્રતાપ શુક્લાએ આ જાણકારી રાજ્યસભામાં આપી હતી. એમણે કહ્યું કે આ કરચોરી જુલાઈ-૨૦૧૭ અને જૂન-૨૦૧૮ વચ્ચેના સમયગાળામાં થયાનું માલૂમ પડ્યું છે.

આ કેસો ઈનપુટ ટેક્સ ક્રેડિટના દુરુપયોગ, જીએસટી રિટર્ન્સમાં મિસડેક્લેરેશન, જીએસટી રિટર્ન્સમાં ડિક્લેર કરવા છતાં જીએસટી ન ચૂકવવા તેમજ જીએસટી રિટર્ન્સ ફાઈલ ન કરી ટેક્સ પણ ન ચૂકવવાને લગતા છે.

આ વર્ષના મે અને જૂન મહિનાઓમાં જ રૂ. ૧,૩૨૦ કરોડના કેસ શોધી કાઢવામાં આવ્યા છે.